# વાવોલના આંતરિક માર્ગો પર ભારે વાહનો ડાયવર્ટ થતાં રહીશોમાં રોષ

**ગરનાળાનુ કામ હાથ ધરાતા ટ્રાફિક ડાયવર્ટ કરાયો : બે દિવસમાં કંગાળ માર્ગ પર ૧૦ ટ્રક ફસડાઇ : સોસાયટીના રહીશોની અવરજવર જોખમી બની : તંત્રની બેદરકારીના લીધે સ્થાનિક રહીશો આગબબુલા ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના વાવોલ ગામમાં સોસાયટીના આંતરિક માર્ગો પર ભારેખમ વાહનો દોડતા રહીશોની સલામતી સામે સવાલો મંડરાયા છે. ગોકુલપુરા થી વાવોલ કોલવડા ચોકડી વચ્ચે સ્થિત ગરનાળાનુ કામ હાથ ધરાતા ક માર્ગ પરનો ટ્રાફિક વાવોલની સોસાયટીઓના આંતરિક માર્ગો પર ધમધમતો થયો છે. પરંતુ આંતરિક માર્ગ મસ મોટા ગાબડાઓ અસ્તિત્વમાં હોવાથી બે દિવસમાં જ ૧૦ ટ્રકો આ રૂટમાં ફસાઈ પડતા સ્થાનિક રહીશો માટે મુંઝવણ ઉભી થઈ છે. હાલ રહીશોને બહાર જવાનો રસ્તો શોધવાનો વારો આવ્યો છે. તંત્રની અણઘડ કામગીરીના લીધે સ્થાનિક ૧૦ જેટલી સોસાયટીના રહીશો માટે ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આ વિસ્તારમાં ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત પણ પ્રબળ બની છે.



ગોકુલપુરાથી વાવોલ કોલવડા માર્ગ પર સ્થિત ગરનાળાનુ હાલ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ રૂટમાં સ્થિત ગરનાળાને યોગ્ય કરવા માટે છેલ્લા ત્રણ દિવસથી કામગીરી ચાલી રહી છે. જયારે આવા સંજોગોમાં તંત્ર દ્વારા કામને અનુલક્ષી ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે રૂટમાં બે જગ્યાએ ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. જેના લીધે વાવોલની સોસાયટીના આંતરિક માર્ગો પર ભારે વાહનો દોડતા થયા છે. વાવોલની સોસાયટીના આંતરિક માર્ગોનુ વરસાદમાં ધોવાણ થયુ હોવાના લીધે આમ પણ આ માર્ગ પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ત્યારે અત્યાર સુધીમાં ૧૦ જેટલી ટ્રક પણ સોસાયટીના આંતરિક માર્ગ પર ફસાઈ જતા રહીશોએ વાહન લઈ ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે. જયારે ભારે વાહનોની અવરજવર માટે સાંકડો અને તુટેલો આ માર્ગ આમ પણ જોખમી છે. ત્યારે સ્થાનિક સોસયટીમાં રહીશોની સતત અવરજવર વચ્ચે ભારે વાહનો ધમધમતા માર્ગ સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. હાલ ક માર્ગ પર દોડતા ભારે વાહનો આ માર્ગ પરથી પસાર થઈ રહયા છે. આવા સંજોગોમાં ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાવાની પણ દહેશત છે. જયારે આસપાસ સ્થિત સોસાયટીના રહીશોએ ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. તંત્રની બેદરકારીના લીધે વાવોલમાં માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ ઉદભવી છે. વાહન વ્યવ્હારને યોગ્ય કરવા માટે જરૂરી પગલા લેવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## પર્યુષણ પર્વ

**પ.પૂ. ગણિવર્ય યશકલ્યાણવિજયશ્રી મ.સાહેબ તથા પ.પૂ. મુનિરાજ તીર્થ પ્રેમ વિજયશ્રી મ.સાહેબની અમૃતવાણી**

### છઠ્ઠો દિવસ

**તર્ક પ્રધાન વ્યક્તિત્વ માટે અણમોલ અવસર**

કોઈપણ માણસને તમે કાંઈ પણ આપો એટલે તરત જ તર્ક કરે કે આ જ કેમ આપ્યું ? બીજું કાંઈ કેમ ના આપ્યું ? તમે માણસને કાંઈ કહો તો તેનું મન તરત તર્કો કરેશે કે આમ જ કેમ કહ્યું ? અથવા મને જ કેમ કહ્યું ? મતલબ કે માનવ મન તર્ક ખૂબ કરે છે. કેમ ? શા માટે ? કેવી રીતે ? આ બધા પ્રશ્નાર્થ શબ્દો આપણે ખુબ જ વાપરીયે છીએ અને આપણી આ પરિસ્થિતિ સમજીને ભગવાને ધર્મના દરેક તત્વોની પાછળ તેના તર્ક સ્પષ્ટ રીતે બતાવ્યા છે. કાળના પ્રવાહમાં કેટલીક બાબતના વિઝન પ્રાપ્ત ન પણ થતા હોય તો પણ મહત્તમ બાબતો વિશે આપણા મનની શંકાઓ નિર્મૂળ બની જાય એટલે બાકીની બાબતો પણ સાચી માની લેવી જોઈએ.

ખીચડીના ૨-૪ દાણા દબાવો એટલે ખબર પડી જ જાય કે ખીચડી પાકી છે કે કાચી ? તો પર્યુષણના છઠ્ઠા દિવસે કલ્પસુત્રમાં સવારના પ્રવચનામાં




ભગવાનાનુ બાળપણ અને યૌવન વિશે વાત આવે છે. દીક્ષા ગ્રહણ, સાધના અને કઠોર તપશ્ચાની વાત પણ સવારે આવી જાય છે. પછી બપોરના પ્રવચનમાં ગણધરવાદનું અદભુત પ્રવચન થાય છે. ભગવાન મહાવીર સર્વજ્ઞ અર્થાત કેળવજ્ઞાની થાય ત્યાર પછી તેમણે પ્રથમ દેશના આપી તેનો કોઈ જીવને દીક્ષા ગ્રહણના ભાળ ન થયા. તેથી ભગવાને બીજા દિવસે (વૈશાખ સુદ-૧૧)ના અન્યત્ર જઈ દેશના આવી ત્યાં ૧૧ મોટા પંડિત બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા. તેઓ આ દેશમાં ભગવાન મહાવીરને યાદ કરીને હરાવવા આવ્યા પણ ભગવાને તે બ્રાહ્મણોની મનની તત્વ વિશેની શંકા પ્રગટ કરી તેનો અદભુત જવાબ વેદના જ વાક્યોના સમ્યગ અર્થઘટન કરીને આપ્યા. આ જવાબ દ્વારા તે બ્રાહ્મણોની શંકા નિર્મૂળ થઈ. તે ૧૧ મહા પંડિત બ્રાહ્મણોએ પોતાના ૪૪૦૦ (ચાર હજાર ચારસો) શિષ્યો સાથે ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર્યું. જૈન દિક્ષા અંગીકાર કરી. ચંદન બાળા વિગેરેએ જૈન સાધ્વી દીક્ષા ગ્રહણ કરી અને સેંકડો લોકો શ્રાવક-શ્રાવિકા રૂપે ભગવાનના ગૃહસ્થ અનુયાયી થયા આમ, ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

બસ, આ ૧૧ મહાપંડિત બ્રાહ્મણોને જે શંકાઓ હતી એ આજની પેઢીને પણ છે જ આત્મા છે કે નહી ? પરલોક છે કે નહીં ? સ્વર્ગ-નરક છે કે નહી ? મોક્ષ છે કે નહીં ? પુણ્ય-પાપ છે કે નહી ? આવી જ શંકાઓ તે મહા પંડિતોને હતી પણ ખુબી એ હતી કે આવી શંકાઓ સંદર્ભે તેમના મનનો દરવાજો ખુલ્લો હતો. હું મારી માન્યતા જ સાચી એમ માનવાની મૂર્ખામી કરવાના બદલે તેઓ જ્યાંથી સાચુ જાણવા મળે ત્યાં જવા તે સમજવા અને તે સાચુ લાગે તો પોતાની માન્યતા છોડીને તે માન્યતા સ્વીકારવા તેઓ તૈયાર હતા અને માટે જ એમને સાચો જવાબ મળતા સત્ય સ્વીકારી લઈ સાચા માર્ગે ચઢી જતા ખચકાયા નહીં.

ઉલ્લેખનીય છે કે એ મહાવિધ્વાન બ્રાહ્મણ ૧૧ પંડિતોએ ભગવાન મહાવીર સ્વામીના મુખ્ય શિષ્યો તરીકે પ્રસ્થાપિત થયા જેમને જૈન પરિભાષામાં 'ગણધર' કહેવાય છે. આ ગણધરો પાસેથી 'સાચુ તે મારુ'ની નિખાલસ કબુલાતના ગુણની માંગણી કરવી જોઈએ અને ગણધરવાદનું પ્રવચન અવશ્ય સાંભળવું જોઈએ.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**વત્સ... પત્નિને શાસ્ત્રમાં અર્ધાંગીની કહી છે... એનો અર્થ સમજ તેને અર્ધી જ વાત શેર કરવાની તારા અર્ધા પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે..**

# તારાપુરમાંથી જુગાર રમતા છ અને કોટેશ્વરથી ચાર શખ્સો ઝડપાયા

**રૂ.૭૮ હજારનાં મુદ્દામાલ સાથે ૧૦ શકુનીઓની ધરપકડ**

ગાંધીનગર, તા.૨૨

અડાલજ નજીક આવેલા તારાપુર ગામમાં એક મકાનનાં ધાબે કેટલાક શખ્સો ટોળુ વળીને જુગાર રમી રહ્યા હોવાની બાતમી અડાલજ પોલીસને મળતા પોલીસે દરોડો પાડી છ શખ્સોને દબોચી લીધા હતા. તે ઉપરાંત આ જ દિવસે કોટેશ્વર ગામમાં દરોડો પાડીને ચાર શખ્સોને જુગાર રમતા પોલીસે પકડી પાડ્યા હતા. બંને કેસોમાં કુલ રોકડ રુ. ૭૮ હજારનાં મુદ્દામાલ સાથે બાજી માંડીને બેઠેલા ૧૦ શકુનીઓની ધરપકડ કરી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

તારાપુર ગામમાં એક મકાનના ધાબા ઉપર કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની માહિતીને આધારે અડાલજ પી.આઈ કે.કે.પંડ્યાની ટીમે દરોડો પાડી ધાબા પર જુગાર રમી રહેલા છ શખ્સોને જુગાર રમતા રંગે હાથ પકડી પાડ્યા હતા. પોલીસે દરોડો પાડીને તારાપુરનાં કાળા ગાભા ઠાકોર, સોમા કાંતી ઠાકોર, દિલીપ લક્ષ્મણ ઠાકોર, મુકેશ ગાભા ઠાકોર, મણા દલા ઠાકોર અને અશોક અમરત પ્રજાપતિ મળી છ શખ્સોની ધરપકડ કરી રોકડ રૂ.૭૫૫૩૦ નો મુદ્દામાલ જપ્ત કરી લેવાયો હતો. તો બીજીતરફ આ જ દિવસે બાતમીને આધારે કોટેશ્વર ગામમાં દરોડો પાડી રોકડ રૂ.૨૫૪૦ ના મુદ્દામાલ સાથે ચાર શકુનીઓને પકડી પાડવામાં આવ્યા હતા. દશક્રોઈનાં ચંદુ વજા ઠાકોર અને કોટેશ્વર ગામનાં ભીખા મણા ઠાકોર, જગદીશ બબા ઠાકોર અને ધીરા ઉદા ઠાકોર મળી ચારેયની ધરપકડ કરવામાં આવી હતી. અડાલજ પોલીસે બંને કેસો કરીને કુલ રૂ. ૭૮ હજારનો રોકડ મુદ્દામાલ જપ્ત કરીને ૧૦ જુગારીઓને પકડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સોનારડામાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ પકડાયો

ડભોડા નજીક આવેલા સોનારડા ગામમાં ગઈ સાંજે બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમાડી રહેલા દહેગામનાં યુવાનને દબોચી લીધો હતો. સોનારડા ગામનાં મહાદેવ મંદિર પાસે ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડી રહેલા મુકેશ ઉર્ફે લાલો ગૌતમ દવેને રૂ.૪૦૦ રોકડ તથા આંકડા લખેલા સાહિત્ય સાથે પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગેઝીયાના પ્રમુખપદે સમીર ત્રિવેદી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના ઉદ્યોગકારોનું પ્રતિષ્ઠિત સંગઠન ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ



એસોસીએશનના પ્રમુખ પદે સમીર ત્રિવેદીની વરણી કરવામાં આવી છે.

સમીર ત્રિવેદી ગાંધીનગર રોટરી ક્લબ સહિત વિવિધ સામાજિક અને રાજકીય રોટરી ક્લબ સહિત વિવિધ સામાજિક અને રાજકીય સંગઠનોમાં સક્રિય છે. કોસમોસ સિક્યોરીટી જેવી પ્રતિષ્ઠિત સિક્યોરીટી એજન્સીના તેઓ કુશળ સંચાલક છે.

ગેઝીયાની વ્યવસ્થાપક સમિતિમાં શહેરના જાણીતા ઉદ્યોગપતિઓ સર્વ એચ.એમ. પટેલ, સુધીરભાઈ વિચારે, રજનીભાઈ કણસાગરા, રાજેન્દ્રભાઈ પટેલ, એમ.ડી. શાહ, રાકેશભાઈ પટેલ, નિતેશભાઈ પટેલ, એમ.એલ. ગોંડલીયા, દીપકભાઈ મહેતા, ભરતભાઈ પટેલ, દિલીપસિંહ ચૌહાણ, શૈલેષભાઈ પટેલ, મહેબુબભાઈ ઘોરી, મનસુખભાઈ કાશીપરા, ગોપાલભાઈ શર્મા, ચાણક્યભાઈ પટેલ, વિજયભાઈ ભલાલા, મહેશભાઈ પટેલ, અંકિત જૈન અને મુકેશભાઈ પટેલની નીમણૂંક થઈ છે.

# ગાંધીનગરમાં ટ્રાયથ્લોનમાં ગોલ્ડન કટાર ડિવિઝને મોખરે રહીને નેતૃત્વ કર્યું

**૭૫૦ મીટરની સ્વિમિંગ, ૨૦ કિમીની સાઇકલિંગ અને ૧૦ કિમીની રનિંગ યોજાઈ: ગોલ્ડન કટાર ડિવિઝનનાં એકમોમાંથી ૫૪ અધિકારીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો**

ગાંધીનગર, તા.૨૨

ગોલ્ડન કટાર ડિવિઝનનાં






નેજાં હેઠળ ગાંધીનગર સ્થિત પર્વત અલી બ્રિગેડે ભારતીય સેનાનાં અધિકારીઓ માટે 'ટ્રાયથ્લોન'નું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન ડ્યુઅથલોન બાદ કરાયું હતું. જેમાં આશરે ૬૦ અધિકારીઓએ ભાગ લીધો હતો. ગુજરાત અને રાજસ્થાન રાજ્યોમાં ફેલાયેલ ગોલ્ડન કટાર ડિવિઝનનાં એકમોમાંથી કુલ ૫૪ અધિકારીઓએ આજનાં કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જે રવિવારની ડ્યુઅથલોન કરતાં વધારે કપરી હતી.

સહભાગી થયેલા અધિકારીઓમાં કેટલાંક યુનિટનાં કમાન્ડિંગ ઓફિસર સામેલ હતાં, જેમાં મેજર જનરલ અનિલ પુરી એસએમ વીએસએમ, જનરલ ઓફિસર કમાન્ડિંગ ગોલ્ડન કટાર ડિવિઝને રવિવારે ડ્યુઅથ્લોન અને આજે ટ્રાયથ્લોનમાં ભાગ લીધો હતો.

બંને દિવસોમાં ૦૨ કેટેગરી ૩૫ વર્ષથી ઓછી વયનાં અને ૩૫ વર્ષ અને તેનાથી વધારે વયનાં અધિકારીઓ પૂર્ણ કરી હતી. આજે ટ્રાયથ્લોન સે-૧૫ સ્થિત સાઈ ખાતે સ્વિમિંગ પૂલમાં ૭૫૦ મીટરની સ્વિમિંગ સાથે શરૂ થઈ હતી. પછી ૨૦ કિમીની સાઈકલિંગ અને ૧૦ કિમીની રનિંગ યોજાઈ હતી, જે મિલિટરી સ્ટેશન ગાંધીનગરમાં બેફલ રેન્જમાં અંગત શસ્ત્રો દ્વારા ૧૦૦ મીટર રેન્જનાં ફાયરિંગ સાથે સંપન્ન થઈ હતી. ગુજરાત રાજ્યનાં મુખ્ય સચિવ જગદીપ નારાયણ સિંહે વિજેતાઓને ઈનામ આપ્યાં હતાં અને સહભાગીઓએ દાખવેલાં ધૈર્ય અને ખંતની પ્રશંસા કરી હતી.

### ટ્રાયથ્લોનનાં પરીણામો

- ૩૫ વર્ષથી નીચે
  1. કેપ્ટન કે.એમ. ત્રિપાઠી
  2. લેફ્ટનન્ટ પુરૂશોત્તમ ન્યોલ
  3. લેફ્ટનન્ટ લડાચે યોગેશ
- ૩૫ વર્ષ અને તેનાથી વધારે
  1. કર્નલ વીએસ નાલવડે
  2. કર્નલ અમન મોહન
  3. કર્નલ કે મોહન નાયર

## ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી હસમુખ ઠાકરને બ્રહ્મગૌરવ એવોર્ડ



સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ હસમુખભાઈ ઠાકરને સામાજિક ક્ષેત્રના પ્રદાન બદલ બ્રહ્મ ગૌરવ એવોર્ડ પ્રદાન કરાયો છે.

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, ગુજરાત (રાજ્યકક્ષા) દ્વારા અમદાવાદમાં યોજાયેલ સન્માન સમારંભમાં ઠાકરને એવોર્ડ અપાયો હતો. અગાઉ પણ ચાણક્ય સમસ્ત બ્રાહ્મણ ઉત્કર્ષ સેવા ટ્રસ્ટ દ્વારા ૨૦૧૪માં ચાણક્ય એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

## સે-૭-ડીના તેજસ્વી તારલા અને વયસ્કોનું સન્માન કરાયું

ગાંધીનગર શહેરીજન સંસ્થા તથા ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડીના સંયુકત ઉપક્રમે જે.જી. ભટ્ટના અધ્યક્ષસ્થાને સામાન્યસભા યોજાઈ હતી. મુખ્ય મહેમાન તરીકે અમરનાથ ભટ્ટ અતિથિ વિશેષ તરીકે નગર સેવક કાર્તિકભાઈ પટેલ, પાર્વતીબેન પરમાર અને ભૂપતભાઈ ભૂતડીયા ઉપસ્થિત રહ્યા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર સન્માનપત્રથી સન્માન કરવામાં આવ્યં હતું. બંને સંસ્થાના વાર્ષિક હિસાબો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. સદગત આત્માઓને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. કાર્યકારી પ્રમુખ સુમંતભાઈ શાહે સદવાંચન કર્યું હતું. અને ૭૫ વર્ષના વયસ્કોનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. સે-૭-ડીના દાનવીર અમરનાથ ભટ્ટને શાલ ઓઢાડી સંસ્થાએ જાહેર સન્માન કર્યું હતું. નવા વર્ષના હોદ્દેદારોની નિમણુંક કરઈ હતી. આભારવિધિ સુમંતભાઈ શાહે કરી હતી.

## અંબાપુર કેનાલમાં યુવતિએ મોતની છલાંગ લગાવી

**કેનાલમાંથી બહાર નિકાળીને જાગૃત નાગરિક યુવતિને પોતાની કારમાં હોસ્પિટલ લઇ ગયો પરંતુ યુવતિ મોતને ભેટી ચુકી હતી : યુવતિ હજુ બિનવારસી**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક અડાલજ પાસે આવેલા અંબાપુર ગામેથી પસાર થતી નર્મદા કેનાલમાં આજે સવારનાં સુમારે આશરે ૧૯થી ૨૪ વર્ષની અજાણી યુવતિએ પડતુ મુક્યુ હતુ. સ્થાનિકોનું ધ્યાન આ યુવતિ પર પડતા કેનાલ પાસે દોડી આવ્યા હતા અને તાત્કાલીક તેણીને કેનાલમાંથી બહાર નિકાળી લીધી હતી. એક જાગૃત નાગરિક તેણીને પોતાની કારમાં હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયો પરંતુ ત્યા સુધીમાં તેણીએ શ્વાસ છોડી દિધા હતા. પાણીમાં ડુબી જવાથી શ્વાસ રૂંધાઈ જવાથી યુવતિનું મોત થઈ ગયુ હોવાનું તબીબે જણાવ્યુ હતુ. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ કરાવી યુવતિની ઓળખ માટે ચક્રોગતિમાન કર્યા છે. જો કે મોડી સાંજ સુધી યુવતિની ઓળખ થઈ શકી ન હતી.




ઈન્ફોસિટી સ્થિત આઈ એન આઈ એફ ડી ની વિદ્યાર્થિની પુનમ પટેલની ઈન્ટરનેશનલ ફેશન શો લેકમે ફેશન વિકમાં પસંદગી થઈ હતી. આ દરમિયાન પુનમે બોલીવુડ સહીતના અન્ય પ્રોફેશનલ ડિઝાઈનર સાથે કામ કર્યુ હતુ. ડિઝાઈન ક્ષેત્રના તજજ્ઞોએ પુનમની કામગીરીને બિરદાવી હતી. આઈ એન આઈ એફ ડીના વિશાલ મકવાણાએ પણ તેણીને અભિનંદન પાઠવ્યા છે.

# ભાદરવી પૂનમના પદયાત્રીઓ માટે જિલ્લામાં ૧૪ આરોગ્ય સેવા કેન્દ્રો ખોલાશે

**આ સેવા કેન્દ્ર ખાતે આયુર્વેદિક ઉકાળા અને ટેમીફલુ જેવી દવાઓ પણ રખાશે**

ગાંધીનગર, તા.૨૨

ઉત્તર ગુજરાતના પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમે યોજાતા મેળામાં ભાગ લેવા જતા પદયાત્રીઓ માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૧૪ જેટલા આરોગ્ય સેવા કેન્દ્રો ઉભા કરવામાં આવશે.

૨૫મી ઓગષ્ટથી આ સેવા કેન્દ્રો કાર્યરત કરી દેવામાં આવશે. આ આરોગ્ય સેવા કેન્દ્રોમાં પદયાત્રીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવશે અને તેમાં તાવ શરદીના દર્દીઓ જણાશે તો તેમને સારવાર પણ આપવામાં આવશે.

આરોગ્ય તંત્ર દ્વારા ઉભા કરવામાં આવનાર આ આરોગ્ય સેવા કેન્દ્રો પર આયુર્વેદના ઉકાળાનું પણ સવારના સમયે વિતરણ કરવામાં આવશે એટલું જ નહિ આ કેન્દ્રો પર ટેમી ફલુની ટેબ્લેટ પણ રાખવામાં આવનાર છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આરોગ્ય સેવા કેન્દ્રો ઉભા કરવા માટેની સ્થળ પસંદગી પણ કરી દેવામાં આવી છે. આ સેવા કેન્દ્રો પર એમ્બ્યુલન્સની પણ સુવિધા રાખવાનું આયોજન હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

રાજયભરમાં જે રીતે સ્વાઈન ફલુના કેસો મળી રહ્યા છે તેને ધ્યાને રાખી આ સેવા કેન્દ્રો પર આયુષ તબીબી અધિકારીઓ ઉપરાંત મેડીકલ ઓફિસરોને પણ ખાસ ફરજ સોંપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.


## વાહન હરાજી જાહેર નિવિદા

જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ, ગાંધીનગર હસ્તકની નીચે દર્શાવેલ ગાડીની જાહેર હરાજી તેની દર્શાવેલ તા. ૨૯/૮/૨૦૧૭ સવારે ૧૧-૦૦ કલાકે હોસ્પિટલના કેમ્પસમાં રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમો, વેપારીઓને જાહેર હરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | વાહનનો નંબર | અપસેટ પ્રાઈઝ | હરાજી કરનાર અધિકારી | ભરવાપાત્ર ડીપોઝીટની રકમ | વાહન જોવાનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | જીજે-૧૮-જી-૬૪૧૫ (સ્વરાજ મઝદા) | રૂ.૯૦,૦૦૦/- (રૂપિયા નેવું હજાર પુરા) | મેડીકલ સુપ્રીન્ટેડેન્ટ, જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ, | રૂ. ૫૦૦૦/- (રૂપિયા પાંચ હજાર પુરા) | જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ ગાંધીનગરના તાત્કાલીક સારવાર વિભાગ સામે |

શરતો :

(૧) જાહેર હરાજી માટેનું વાહન તા. ૨૮/૮/૨૦૧૭ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી સાંજે ૧૫-૦૦ કલાક સુધી જોવા મળશે.

(૨) હરાજીમાં ભાગ લેવા માટે પત્રકમાં જણાવ્યા મુજબની ડીપોઝીટની રકમ તા. ૨૮/૮/૨૦૧૭, સાંજે ૧૬.૦૦ કલાક સુધી વહીવટી કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૩) હરાજીની શરતો સંબંધિત અધિકારીઓ દ્વારા હરાજી સમયે વાંચી સંભળાવવામાં આવશે અને હરાજીની કાર્યવાહી પણ તેઓ કરશે.

(૪) તા. ૨૯/૮/૨૦૧૭ના રોજ જાહેર હરાજી પૂર્ણ થયા બાદ, સાંજે ૧૬-૦૦ કલાક સુધીમાં, હરાજીમાં નિર્ધારીત થયેલ રકમ ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવીને વાહન, સ્વખર્ચે હોસ્પિટલ કંપાઉન્ડમાંથી, તાત્કાલિક લઈ જવાનું રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ "ડીન, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર"ના નામનો, પેએબલ એટ ગાંધીનગર જમા કરાવવાનો રહેશે.

સહી/-
મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ
જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ,
ગાંધીનગર

માહિતી/૧૪૧૩/૧૭-૧૮